ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછા
વિકાસ નિગમ, ગાંધીનગર
માન.અધ્યક્ષશ્રી માટે અંગત મદદની
મંજુર કરવા બાબત..........

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અપબ/૧૪૨૦૧૫/૪૫૪૯૨૦/જ
સચિવાલય, ગાંધીનગર.
તા: 31 JUL 2015

વંચાણમાં લીધા:-

- ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૦૮/૦૫/૨૦૧૫ ન પત્ર ક્રમાંક:ગુઅપવિનિ/૧૫/૧૩૬.

આમુખ:-

ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ તા:૦૮/૦૫/૨૦૧ ની રજુઆતથી નિગમના માન. અધ્યક્ષશ્રી માટે આઉટસોર્સીંગથી અંગત મદદનીશ રાખવાની મંજૂર આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવ:

મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની દરખાસ્ત પરત પુખ્ત વિચારણાને અંતે નિગમના માન.અધ્યક્ષશ્રી માટે અંગત મદદનિશની એક જગ્યા નીચેની શરતો આધિન ભરવા મંજૂરી આપવામાં આવે છે:-

૧. ઉક્ત જગ્યા માટે સ્ટેનો ગ્રેડ -3 ની એક જગ્યા પ્રતિનિયુક્તિના ધોરણે ભરવાની રહેશે.

અથવા

રાજ્ય સરકારના સ્ટેનો ગ્રેડ-3 ના સંવર્ગમાંથી નિવૃત્ત કર્મચારીને સરકારના પ્રવર્તમા નિયમોનુસાર કરાર આધારિત નિમણૂંકથી ભરવાની રહેશે.

અથવા

ઉપર મુજબ જો કર્મચારી ઉપલબ્ધ ન હોય તો આ જગ્યાની કામગીરી આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે. જે અંગે માસિક રૂ. ૧૨,૦૦૦/- નો ખર્ચ મંજુર કરી શકાશે. ઓઉટસોર્સીંગથી ભરેલ જગ્યા ૧૧ માસ કે માન.અધ્યક્ષશ્રીની નિમણૂંક રહે તે બન્નેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી ચાલુ રહેશે.

૨. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૪/૦૭/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.આર.મહેતા)

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉક ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.